અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ લોન માટેની ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SCW/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ગ(પા.ફા)
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૬/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૩/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: એસ.પી.એચ/૧૦૯૭/મુ.૩૧૫/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: SCW/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ન.બા-૧૬/ગ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૧/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SCW/૧૦/૨૦૧૩/૭૭૧૪૫૩/ગ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૮/૦૪/૨૦૨૨નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/વિ.લોન.(કોર્ષ ડ્યુરેશન)/૨૦૨૧-૨૨/૩૭૨૮

આમુખ:

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવાની " ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના" અમલમાં છે. આ યોજના હેઠળ હાલમાં રૂ.૧૫.૦૦ લાખની લોન વાર્ષિક ૪% વ્યાજના દરે આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના આ વિભાગના તા.૦૩/૦૧/૨૦૨૨ના ઠરાવથી "રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦% કે વધુ માર્ક ધરાવતા હોવા જોઈશે. તેમજ તેઓ ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમા, પી.એચ.ડી., તેમજ તમામ ક્ષેત્રોના અન્ય એકથી વધુ વર્ષના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે" એમ ઠરાવવામાં આવેલ છે.

આ યોજના હેઠળ ધોરણ-૧૨ કે તેથી ઉપરના અથવા સ્નાતક / અનુસ્નાતક પછી એક વર્ષ અથવા એક વર્ષ કરતાં વધુ સમયના અભ્યાસક્રમો માટે અરજીઓ મળે છે. તા.૦૩/૦૧/૨૦૨૨ના ઠરાવ મુજબ એક વર્ષના સમયના અભ્યાસક્રમો માટે લોન મંજૂર કરી શકાતી ન હોઈ વંચાણે લીધેલ ક્રમાંક : (૪) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે આ યોજનામાં ડીપ્લોમા, સ્નાતક(ગ્રેજયુએટ), અનુસ્નાતક(પોસ્ટ ગ્રેજયુએટ) પી.એચ.ડી તેમજ તમામ ક્ષેત્રના એક વર્ષ અથવા એક થી વધુ વર્ષ

(ઓછામાં ઓછા બે સેમેસ્ટરના સમયગાળા) માટેના અભ્યાસક્રમો માટે પણ લોન આપવા અંગે દરખાસ્ત કરેલ છે, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના તા.૦૩/૦૧/૨૦૨૨ના ઠરાવથી "રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦% કે વધુ માર્ક ધરાવતા હોવા જોઈશે. તેમજ તેઓ ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમા, પી.એચ.ડી., તેમજ તમામ ક્ષેત્રોના અન્ય એકથી વધુ વર્ષના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે." એમ ઠરાવવામાં આવેલ છે, જેના બદલે " રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦% કે વધુ માર્ક ધરાવતા હોવા જોઈશે. તેમજ વિદેશમાં ચાલતા એક વર્ષ કે તેથી વધુ સમયના અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના ડીપ્લોમા, સ્નાતક (ગ્રેજ્યુએટ), અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ), પી.એચ.ડી સહિતના ઉચ્ચ શિક્ષણના તમામ અભ્યાસક્રમો માટે લોન મળવાપાત્ર થશે" એમ આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

- સેક્શન અધિકારીશ્રી(અ-૧ શાખા) સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર,
- સેક્શન અધિકારીશ્રી(કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ. , સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨